નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીમાં ફરજ બજાવતા લીગલ એડવાઇઝરની જગ્યાનો માસિક ફિક્સ પગાર વધારવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/msm/e-file/૧૭/૨૦૨૨/૨૧૧૬/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૧૦/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૫/૮૩૩૬૭૩/ન.બા.૫/છ

**આમુખ:-**

વંચાણે લીધેલા ક્રમાંક(૧) પરના આ વિભાગના ઠરાવથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરની વડી કચેરી ખાતે લીગલ એડવાઇઝરની ૦૧(એક) નવી જગ્યા રૂ.૪૦,૦૦૦/-ના ફિક્સ પગારથી ૧૧ માસના કરારના ધોરણે ઉભી કરવાની નવી બાબતેને મંજુરી આપવામાં આવેલ. સદરહુ જગાના માસિક વેતન રૂ.૪૦,૦૦૦/-(ફિક્સ)માં વધારો કરી રૂ.૬૦,૦૦૦/-(ફિક્સ) કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંદર્ભિત ઠરાવની કરાર આધારિત નિમણૂંકના હુકમની શરત નં(૧)માં સુધારો કરી તા.૦૧/૧૦/૨૦૨૨થી લીગલ એડવાઇઝરને કરારના સમયગાળા દરમિયાન રૂ૬૦,૦૦૦/-(ફિક્સ) પ્રમાણે માસિક વેતન ચુકવવાનું રહેશે, તેમ ઠરાવવામાં આવે છે. ઉક્ત ઠરાવની અન્ય શરતો અને બોલીઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સ.શ્રી(સા.ન્યા.)ની તા.૧૨/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દ્રષ્ટિ શાહ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી , નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટનન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ